## દિવ્યાંગોની ખાસ ભરતી ઝૂંબેશ હેઠળની જાહેરાત અંગેની સામાન્ય સૂચનાઓ:

૧. નિયત લાયકાત ધરાવનાર ઉમેદવારે ઓનલાઇન અરજી કરતાં પહેલાં જાહેરાત અંગેની સૂચનાઓ ધ્યાનથી વાંચવી જરૂરી છે.

૨. ઓનલાઇન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે ઓનલાઇન અરજીમાં નિયત લાયકાત ધરાવનાર અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી તમામ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક ખોડ-ખાંપણ તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઇન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. જેથી અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહીં.

૩. ઉમેદવારોએ પસંદગીની પ્રક્રિયામાં પ્રથમ તબક્કામાં હેતુલક્ષી પ્રશ્નોવાળી (M.C.Q) પધ્ધતિની સ્પર્ધાત્મક પરીક્ષા ભાગ-૧ અને ત્યારબાદ ભાગ-૧ની પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટ અનુસાર કુલ જગ્યાના છ (૦૬) ગણા ઉમેદવારોને ભાગ-૨ ની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કાર્યક્ષમતા કસોટી) ની પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

૪.યુનિવર્સિટી દ્વારા સદર ભરતી સંબંધિત પરીક્ષાલક્ષી તેમજ અન્ય સૂચનાઓ વખતોવખત યુનિવર્સિટી વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. આથી ઉમેદવારોએ નિયમિતરૂપે યુનિવર્સિટીની વેબસાઈટ જોવાની રહેશે.

૫.જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની સૂચનાઓ મોબાઇલ નંબર અથવા ઈ-મેઈલ પર આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર અથવા ઈ-મેઈલ અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી તે જ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ જાળવી રાખવો અનિવાર્ય રીતે જરૂરી છે અથવા જો મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલમાં ફેરફાર થાય તો તેની લેખિતમાં જાણ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતને સમયસર કરવાની રહેશે.

૬. અરજીના કવર પર જે જગ્યા માટે અરજી કરી હોય તેની વિગત દર્શાવવાની રહેશે. ઉમેદવાર દ્વારા અરજી કુલસચિવશ્રી, રવાનગી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના-મગદલ્લા રોડ, સુરત, ગુજરાત-૩૯૫૦૦૭ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની તારીખ અને સમય પહેલા પહોંચાડવાની રહેશે. આખરી તારીખ બાદ પ્રાપ્ત થયેલ અરજીની હાર્ડ કોપી, ફક્ત ઓનલાઈન સબમિટ અરજી કરેલ હશે તો પણ ઉમેદવારી આપમેળે નામંજૂર થઈ જશે.

**૭.અરજીપત્રક :-**

(૧) જાહેરાતમાં દર્શાવેલ દરેક જગ્યા માટે અલગથી અરજી કરવાની રહેશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટેની અરજી સાથે લાગુ પડતા તમામ આધાર-પુરાવાની સ્વ-પ્રમાણિત નકલ જાહેરાતમાં દર્શાવેલ નિયત સમય સુધીમાં જમા કરાવવાના રહેશે અન્યથા અરજી દફતરે કરવામાં આવશે.

**૮. જન્મ તારીખ :-**

(૧) યુનિવર્સિટી જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઈ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ________છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય યુનિવર્સિટી દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઈ પણ કારણસર ફેરફાર થઈ શકશે નહીં.

**૯. શૈક્ષણિક લાયકાત :-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવ્યા મુજબની સંબંધિત શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૨) ઉમેદવાર શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. અન્ય કોઈપણ દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહીં.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

**૧૦. વયમર્યાદા :-**

(૧) અરજી કરવાની છેલ્લી અર્થાત તા.૩૦/૦૪/૨૦૨૫નાં રોજ ઉમેદવારે ૨૦ (વીસ) વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ અને ઉપલી વયમર્યાદા ૩૫ (પાંત્રીસ) વર્ષથી વધુ ન હોવી જોઈએ.

(૨) ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૩) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઈ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

**૧૧. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-**

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ “ઉન્નત વર્ગ” માં નહીં થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (i) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તા.૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬)(ii)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહ્ત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈશ્યુ કરાયેલું હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં.

(૬)(iii) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(iv) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમિયાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો યુનિવર્સિટીને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહીં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈ પણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળા વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWS ના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificate ને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.

(૮) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.

**૧૨. દિવ્યાંગ ઉમેદવારો :-**

(૧) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(૨) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ પૈકી કઈ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા.૨૯-૦૨-૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Section ની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૦૧/૧૨/૨૦૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

(૪) દિવ્યાંગ ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

૧૩. અરજી કરવા સમયે ઉમેદવારનો ફોટો, સહિનો નમૂનો તથા તમામ જરૂરી અસલ પ્રમાણપત્રો સૂચના મુજબ નિયત ફોર્મેટમાં ફરજીયાત અપલોડ કરવાનાં રહેશે.

૧૪. સરકારી કે અનુદાનિત સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ તેમની સંસ્થા મારફત જ "ના-વાંધા પ્રમાણપત્ર" સાથે અરજી કરવાની રહેશે.

૧૫. અધૂરી વિગતો કે જરૂરી પ્રમાણપત્રો સિવાયની અરજી દફતરે કરવામાં આવશે.

૧૬. ઉમેદવારોએ સ્વ-ખર્ચે યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ કેન્દ્ર પર પરીક્ષા આપવા માટે હાજર રહેવાનું રહેશે.

૧૭. જાહેરાતમાં દર્શાવેલ જગ્યા ભરવી કે નહિ ભરવી કે મુલતવી રાખવા અંગે યુનિવર્સિટીનો અબાધિત અધિકાર રહેશે.

૧૮. જાહેરાતની અંતિમ તારીખ બાદ ઉમેદવારોએ મેળવેલ વધારાની લાયકાત કે અનુભવ ધ્યાને લેવામાં આવશે નહી.

૧૯. જો કોઈ ઉમેદવાર દ્વારા ખોટી માહિતી કે માહિતી છૂપા વામાં આવશે તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે અને જો નિમણૂંક પામેલ હશે તો સેવામાંથી બરતરફ કરવામાં આવશે.

૨૦. ન્યાયિક ક્ષેત્ર સુરત રહેશે.

૨૧. પસંદગી પામેલ ઉમેદવારે રાજ્ય સરકાર અને યુનિવર્સિટીના વખતોવખતના નિયમોનુસાર ફરજ બજાવવાની રહેશે.

૨૨. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્ક કે લાગવગ કરનાર ઉમેદવારની ઉમેદવારી આપોઆપ રદ્દ થશે.